| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૭ |

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૬૮૦/૨૦૨૬**
**આંક:**

અરજદાર : **સુરજ સ/ઓ. મુકેશ ગટુલાલ ડામોર**
ઉ.વ.આ.૧૯, ધંધો– મજુરી,
રહે. શ્રેયસ કોલોની, નવરંગપુરા સ્ટેડિયમની બાજુમાં, અમદાવાદ.
મૂળ વતન– વોર્ડ નં.૮, મુકામ હરિયાત ફળા, પાલ માથુ ગામડા, થાના–સદર, જી.ડુંગરપુર, રાજસ્થાન–૩૧૪૦૦૧
**(હાલ: જયુડીશીયલ કસ્ટડીમાં)**

**વિરૂધ્ધ**

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે વિ.વ. શ્રી આર. કે. રોત**
**સામાવાળા સરકાર તરફે વિ.પી.પી.શ્રી એ.એમ.ગુલાબાની**

---

**<u>-: હુકમ :-</u>**

(૧) અરજદાર/આરોપીને સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૫૨૬૦૦૮૪/૨૦૨૬, બી.એન.એસ. ૨૦૨૩ની કલમ– ૧૦૯, ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૧૨૫(એ),

૫૪, ૧૦૩(૧) મુજબના ગુન્હાના કામે અટક કરેલ હોય, આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ અરજી કરેલ છે.

(૨) હાલની અરજી રજૂ થતાં સરકાર તરફે વિ.પી.પી.શ્રીને નોટિસ ઇશ્યુ કરવામાં આવેલ છે. સરકાર તરફે વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે. વિ.પી.પી.શ્રી એ તપાસનીશ અધિકારીનુ સોગંદનામુ તથા તપાસના કાગળો રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી આધારો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ થયેલ સોગંદનામુ તથા તપાસના કાગળો વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા સામાવાળા સરકાર પક્ષ તર્ફે વિ.પી.પી.શ્રીનાઓને વિગતવાર સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ અને બેગુનાહ છે અને હાલના અરજદારે કોઇપણ જાતનો રોલ કે ભૂમિકા ભજવેલ ન હોય સદર ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર તે આરોપી નં.૧ ના ગામના હોય સદર કામે ફસાવેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ માત્ર ગડદા પાટુનો માર મારેલાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદ જોતાં અરજદારે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ પ્રકારની ભૂમિકા દર્શાવેલ નથી. અરજદાર/આરોપીનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી માત્ર ૧૯ વર્ષના છે. અરજદાર/આરોપી

તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજથી જેલમાં છે અને કેસ ચાલવામાં ખુબ જ સમય જાય તેમ છે, અરજદાર/આરોપી ઉપર કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ તપાસ કરવાની બાકી નથી અને અરજદાર/આરોપી તપાસમાં પૂરો સહકાર આપશે તેમજ ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરશે નહી તેમજ નામ.કોર્ટ દ્વારા ફરમાવેલ તમામ શરતોનુ પાલન કરશે તેમ જણાવી યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૫) સરકાર પક્ષે વિ.પી.પી.શ્રી ની એવી રજુઆત છે કે, તેઓએ આ કામે તપાસનીશ અધિકારીનુ સોગંદનામુ રજૂ કરેલ છે અને તે તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે અને જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ફરીયાદીને કોઇપણ કારણ વગર ગંદી ગાળો બોલી ગડદા પાટુનો માર મારેલ અને એક ઈસમે ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે પોતાની પાસે રહેલ ચપ્પુ પેટના ભાગે મારી તેમજ કપાળથી ઉપરના ભાગે છુટ્ટો પથ્થર મારી શરીરે જીવલેણ હુમલો કરી શરીરે ઈજાઓ થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. સદર કામે તપાસ હજુ પ્રાથમિક તબકકામાં છે, તેમજ અરજદાર/આરોપી મુળ રાજસ્થાનના વતની હોય અને ગુજરાતમાં કોઈ પાકું રહેણાંકનુ સરનામુ ધરાવતા ન હોય જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી જાય તેમજ નામ.કોર્ટમાં હાજર ન રહે તેમ હોય તેમજ ગુનાહિત માનસિકતાના કારણે જામીન ઉપર છુટેથી ફરીથી ગુન્હો કરે

તેવી સંભાવના હોય, તે ધ્યાને લઇ તેમજ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે સર્વપ્રથમ હાલના અરજદાર/આરોપી સામે જે આક્ષેપો છે તેની હકીકતો ધ્યાને લઇએ તો એવી નોંધ કરી શકાય છે કે, હાલના અરજદાર/આરોપીએ અન્ય આરોપી સાથે મળી આ કામના ફરીયાદીને ગડદા પાટુનો માર મારેલ તેમજ ચપ્પુ વડે પેટના ભાગે ઘા મારી તેમજ છુટ્ટો પથ્થર કપાળના ભાગે મારી જીવલેણ હુમલો કરી ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. સદર કામના સાહેદ પુષ્પેન્દ્રનાએ આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ છે. સદર કામે ફરીયાદ જોતાં અરજદાર/આરોપી તથા અન્ય બે સહઆરોપીઓ આ કૃત્ય કરતા સમયે સાથે જ હતા. અરજદાર/આરોપી તરફે એવો બચાવ છે કે, તેઓનો રોલ માત્ર ગડદા પાટુનો માર મારેલ છે. પરંતુ આ બનાવ સમયે ત્રણેય જણા સાથે મળીને ગયા છે અને આ કામે મરનારને એક આરોપીએ છરી મારેલ છે. આમ, જયારે બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧) મુજબનો ગુન્હો કરેલ હોય તેમજ ત્રણેય આરોપીઓ સાથે મળેલા હોય ત્યારે તેઓનો રોલ વિભાજીત કરી શકાય નહી, અને હાલના અરજદાર/આરોપીએ પણ સક્રિય ભૂમિકા આ કામે ભજવેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે અને સદર ગુન્હાના કામે તપાસ હજુ પ્રાથમિક તબકકામાં હોય, ગુન્હાની ગંભીરતા તેમજ

આરોપીઓની માનસિકતા વિગેરે તમામ હકીકતો તેમજ સંજોગો ધ્યાને લેતાં હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: <u>– હુકમ –</u> :**

અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તા. ૧૩ મી, માહે માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૩/૨૦૨૬

**( દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ
Code No. GJ-0612

યુ.એ.પંડયા